# ગુજરાત વિધાનસભા સચિવાલય

()

----

[સામાન્ય વહિવટ - ગૃહ અને પોલીસ હાઉસિંગ - શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ - બંદરો - વાહન વ્યવહાર - મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન રમતગમત અને યુવક સેવા ].

**कुल प्रश्न 12**

----

## ભાવનગર જિલ્લામાં નવી આર.ટી.ઓ. કચેરી

*1 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**વાહન વ્યવહાર :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં નવી આર.ટી.ઓ કચેરીના બાંધકામનું મંજૂર થયેલ કામ કયા તબક્કે છે,

(૨) આ બાંધકામ પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને

(૩) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

----

## જામનગર જિલ્લામાં હકક પત્રક નોંધોના નિકાલ કરવા બાબત

*2 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં

આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

----

## દાહોદ જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે જમીન ફાળવવા બાબત

***3 શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આદર્શ નિવાસી શાળા, એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ અને કન્યા/કુમાર છાત્રાલય જેવા શૈક્ષણિક હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં જમીનની ફાળવણી કરવામાં આવી ?

----

## યુવા ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવા બાબત

***4 ડૉ. સી.જે. ચાવડા (વિજાપુર):**

**રમતગમત અને યુવક સેવા :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યકક્ષાનો કોઇ યુવા ઉત્સવ કાર્યક્રમ યોજવામાં આવેલ છે કે કેમ,

(૨) જો, હા તો ક્યા સ્થળે રાજ્યકક્ષાના યુવા ઉત્સવનું આયોજન કરવામાં આવેલ, અને

(૩) આ ઉત્સવના આયોજન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

----

**ખંભાત શહેરમાં વધુ T.D.S. વાળું પીવાનું પાણી**

*5 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ આણંદ જિલ્લાના ખંભાત શહેરમાં જરૂરિયાત કરતાં વધુ T.D.S. વાળું પીવાનું પાણી આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ખંભાત શહેરની પ્રજાને પીવાનું શુદ્ધ મીઠું પાણી ક્યાં સુધીમાં આપવામાં આ

----

**ભાવનગર જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ**

*6 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સુરક્ષાસેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ?

----

**ખેડા જિલ્લામાં બોર્ડ/કોર્પોરેશનને જમીન ફાળવવા બાબત**

*7 **શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,

(૨) તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલું ગામતળ નીમ કરવામાં આવેલ છે ?

----

## પીરાણા ખાતે કોમન એફ્યુલેન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ

***8 ડૉ. સી.જે. ચાવડા (વિજાપુર):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરના પીરાણા રોડના સુએઝ ફાર્મ ખાતે કોમન એફ્યુલેન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP)ની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવી,

(૨) આ પ્લાન્ટની કામગીરીમાં કેન્દ્ર સરકારનો, રાજ્ય સરકારનો અને અ.મ્યુ.કો. નો કેટલો ફાળો છે, અને

(૩) તે પૈકી કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને અ.મ્યુ.કો. એ કેટ કેટલી રકમ ફાળવી છે ?

----

## એફ.એસ.એલ. દ્વારા ફાયર આર્મ્સને લગતા કેસોનું પૃથક્કરણ

***9 શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

(૧) રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં ફાયર આર્મ્સને લગતા કેસોનું પૃથક્કરણ કરવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફાયર આર્મ્સને લગતા કેટલા કેસોનું પૃથક્કરણ કરવામાં આવેલ છે ?

----

## ખેડા અને વડોદરા જિલ્લામાં વ્યાજખોરો વિરુદ્ધ કાર્યવાહી

***10 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં વ્યાજખોરો વિરુદ્ધ કોઇ ઝુંબેશ કરવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો ખેડા અને વડોદરા જિલ્લામાં કેટલા વ્યાજખોરો સામે કેટલા ગુના દાખલ કરવામાં આવ્યા ?

----

## કચ્છ જિલ્લામાં જી.આઈ.ડી.સી. માટે જમીન ફાળવણી બાબત

***11 શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં જી.આઈ.ડી.સી. માટે જમીન ફાળવવામાં આવી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી જમીન ક્યારે ફાળવવામાં આવેલ છે ?

----

## ગાંધીનગર જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ હેઠળ અરજીઓનો નિકાલ

***12 ડૉ. સી.જે. ચાવડા (વિજાપુર):**

**સામાન્ય વહિવટ :-**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ (તબક્કો-૮) હેઠળ શહેરી વિસ્તારમાં છેલ્લા એક વર્ષમાં કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા,

(૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી,
(૩) આ કાર્યક્રમ હેઠળ શહેરી વિસ્તારમાં કેટલી અરજીઓ આવી, અને

(૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ?

----